જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૫/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૧૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૫૧૦ લીટર દેશી દારૂ, ૧૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૧ બિયર ટીન, ૧ રિક્ષા, ૩ મોટર સાયકલ, ૨ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૨૮/૧૭

**શહેરકોટડાઃ** જયકુમાર દિનાનાથ પ્રજાપતિ (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ વિભાગ-૨ કૃષ્ણનગર નવા નરોડા) એ તા.૨૯/૫/૧૭ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એકાદ વર્ષ પહેલા આરોપી ઉપેંદ્રભાઇ પ્રજાપતિ અને પુજાબ્હેન સિંધી એ ભેગા મળી અમદુપુરા સફલ-૪ કોમ્પલેક્ષમાં હની એપ્રીયલ્સ એ/૩૩૧ ત્રીજા માળે જયકુમાર પાસેથી એમ્રોડરીનુ કામ કરાવી રૂપિયા ૪,૪૦,૪૪૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.એસ.ડામોર ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૨૯/૧૭

**વટવાઃ** મંજુલાબ્હેન હરેશભાઈ ચૌહાણ (રહે.પ્રગતીનગર મોતીપુરા ચોકડી પાસે જયેશમીલની સામે શાહવાડી નારોલ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૭ રાતના ૧૦/00 થી તા.૨૯/૫/૧૭ સવારના ૬/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૯,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૧૩૦/૧૭**

**ખોખરા:** કાળુભાઇ દેવસીભાઇ મોલાડીયા (ઉ.વ.૫૦) (રહે.તંબોળીની ચાલી ગોરના કુવા પાસે ખોખરા) તા.૨૮/૫/૧૭ સાંજના ૭/30 વાગ્યાના સુમારે દક્ષીણી અંડર બ્રીજ પાસે રેલ્વેના પાટા ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુઆ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઉકાભાઈ કાનાભાઈ ચલાવે છે.

**અકસ્માતે મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૧૩૧/૧૭**

**નરોડા:** નરોડા જીઆઇડીસી સિધ્ધેશ્વરી એસ્ટેટ ગુજરાત મેટલ નામની કપનીમાં કામ કરતા અને ત્યાજ રહેતા નરેંદ્સિગ રામનદનસિગ રાજપુત(ઉ.વ.૪૦) તા.૨૮/૫/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે બેભાન થઈ જતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ માધુસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.